પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૯ | ૨૦ નવેમ્બર, ૨૦૧૮, મંગળવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ચંદ્રબાબુ મમતાને મળ્યા**

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ કોલકત્તા પહોંચ્યા છે. અહી તેઓએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે મુલાકાત કરી હતી. દિલ્હીમાં ૨૨ નવેમ્બરે યોજાનાર વિપક્ષની બેઠકમાં મમતા બેનર્જીને ઉપસ્થિત રહેવા તેઓ આમંત્રણ પાઠવી શકે છે.

**સીબીઆઈ નિદેશક આલોકકુમારે જવાબ પાઠવ્યો**

સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈના નિદેશક આલોકકુમાર વર્માએ ભ્રષ્ટાચારના આરોપો સંબંધિત સીવીસી તપાસ રિપોર્ટ પર પોતાનો જવાબ દાખલ કર્યો છે. આ મામલે ૧૬ નવેમ્બર સુધી સુનવણી થઈ હતી.

**કુંભમેળા માટે રેલવેની જનરલ ટીકીટ ૧૫ દિવસ પહેલા ખરીદી શકાશે**

આગામી વર્ષે પ્રયાગરાજ (અલાહબાદ)માં યોજાનાર મહાકુંભમેળામાં શ્રદ્ધાળુઓની ભીડભાડને ઓછી કરવાના ઈરાદે રેલવે દ્વારા એક નિર્ણય લેવાયો છે. જે અનુસાર ટ્રેનોની જનરલ ટીકીટની કરીદી ૧૫ દિવસ અગાઉ કરી શકાશે.

**નિશાન મોટર્સના ચેરમેનની ધરપકડ**

ઓટો કંપની નિશાન મોટર્સના ચેરમેન કાર્લો ઘોસનની ભ્રષ્ટાચારના આરોપોના કારણે ધરપકડ કરવામાં આવી છે. કંપનીના ચેરમેન પર જાપાનની એક વિત્તીય કંપની સાથે છેતરપીંડીનો આરોપ છે.

# નિરંકારી હુમલામાં પાકિસ્તાની ગ્રેનેડનો ઉપયોગ : તપાસ એજન્સી

**હુમલાખોર અને બાઈકની ઓળખ થઈ : હુમલા અંગે માહિતી આપનારને ૫૦ લાખના ઇનામની ઘોષણા : આતંકી હુમલા અંગે ગૃહમંત્રાલયમાં બેઠક યોજાઈ**






અમૃતસર, તા.૧૯

અમૃતસરનાં રાજસાંસી વિસ્તારમાં એક ધાર્મિક ડેરા પર રવિવારે થયેલા ગ્રેનેડ હૂમલાની તપાસ કરી રહેલ સુરક્ષા એજન્સીઓને મહત્વનો પુરાવો મળ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ હૂમલામાં જે ગ્રેનેડ વડે હુમલો કરવામાં આવ્યો હતો, તે એચઈ-૩૬ સીરીઝનો છે. આ પ્રકારનાં ગ્રેનેડ પાકિસ્તાની લશ્કર જ ઉપયોગ કરે છે. આ એક હેન્ડ ગ્રેનેડ છે જે ફેંકવામાં આવ્યા બાદ ધુમાડો છોડે છે અને પછી જોરદાર વિસ્ફોટ થાય છે. બીજી તરફ આતંકવાદી હુમલા મુદ્દે ગૃહમંત્રાલયમાં એક મહત્વની બેઠક યોજાઈ રહી છે. તેમાં રૉ અને આઈબી સહિત ગૃહમંત્રાલયના અનેક વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ હૂમલામાં ૩ લોકોનાં મોત નિપજ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. સુત્રો અનુસાર હૂમલા પાછળ કોઈ નવા આતંકવાદી સંગઠનનો હાથ હોઈ શકે છે. બીજી તરફ તપાસ એજન્સીઓનાં મહત્વનાં પુરાવા મળ્યા બાદ હવે હૂમલાનાં તાર પાકિસ્તાન સાથે જોડાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૫ પર

**પીએનબીના કૌભાંડમાં સીબીઆઇનો મોટો ધડાકો**

# કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ લાંચ લીધી હોવાનો સીબીઆઈનો દાવો

**હરિભાઈએ હૈદરાબાદના સતિશ બાબૂ સના પાસેથી એક-બે કરોડ રૂપિયાની લાંચ લીધી હોવાનો સીબીઆઇનો દાવો**

અમદાવાદ, તા.૧૯

પંજાબ નેશનલ બેન્ક (પીએનબી) કૌભાંડના મુખ્ય આરોપી નીરવ મોદી અને મેહુલ ચોક્સી દ્વારા કરાયેલા કરોડોના કૌભાંડમાં મોટો ખુલાસો થયો છે અને આ સમગ્ર કૌભાંડમાં હવે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીનું નામ પણ સામે આવ્યું છે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)ના અધિકારી દ્વારા કરવામાં આવેલા આ ધડાકાને કારણે ભાજપની છાવણી સહિત ગુજરાતના રાજકારણમાં ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે. છેલ્લા ઘણા વખતથી બેન્કો સાથે ચિટિંગ કરી રફુચક્કર થઈ જનારા ધંધાદારી ચિટરોની સંખ્યા બહોળી બની રહી છે. જેમાં મોટા કૌભાંડો બહાર આવ્યા હતા. આ પૈકીના પીએનબી સ્કેમમાં વર્તમાન મોદી સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરીનું નામ સામે આવ્યું છે જેને પગલે સત્તાધારી પાર્ટી ભાજપના નેતાઓના હાડકા ઠંડા પડી ગયા છે. સીબીઆઈના એક અધિકારીએ દાવો કર્યો છે કે, કેન્દ્ર સરકારના મંત્રી એવા હરિભાઈ ચૌધરીએ ચાલુ વર્ષના જુન મહિનાના પ્રથમ અઠવાડિયામાં બે કરોડની લાંચ લીધી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર સીબીઆઈના ડીઆઈજી મનોજ કુમાર સિન્હાએ સુપ્રિમ કોર્ટમાં એક એફિડેવિટ દાખલ કરી છે અને આરોપ મુક્યો



છે કે, હરિભાઈએ હૈદરાબાદના બિઝનેસમેન સતિશ બાબૂ સના પાસેથી રૂ. ૧ કે ૨ કરોડની લાંચ લીધી છે. સૂત્રો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે,

● અનુસંધાન પાન-૫ પર

# મહાગઠબંધન થશે તો યૂપીમાં ૧૫-૨૦ બેઠકો ઘટી શકે છે : રાજનાથસિંઘ

ન્યુ દિલ્હી,તા.૧૯

કેન્દ્રીય ગૃહપ્રધાન અને બીજેપીના કદ્દાવર નેતા રાજનાથ સિંહે માન્યું છે કે જો યૂપીમાં મહાગઠબંધન થયું તો તેમની પાર્ટીને ૧૫ થી ૨૦ સીટોનું નુકસાન થઈ શકે છે. પ્રથમવાર એવું બન્યું છે કે ભાજના કેન્દ્રીય નેતૃત્વએ યુપીમાં વિપક્ષી દળોના પ્રસ્તાવિત મહાગઠબંધનથી થઈ શકનારા નુકસાનની વાત પ્રત્યક્ષ સ્વરુપે સ્વીકારી છે. જો કે રાજનાથ સિંહે જણાવ્યું છે કે પીએમ મોદીને ૧૦ વર્ષ જરુર મળવા જોઈએ.

રાજસ્થાનમાં બીજેપી માટે ચિંતાનો વિષય છે કે નહી તે મામલે રાજનાથ સિંહે જણાવ્યું કે હું સ્વીકારુ છું કે કેટલાક મહિના પહેલા સુધી પરિસ્થિતીઓ અમારા પક્ષમાં નહોતી બાદમાં અહીંયા સ્થિતી તેજીથી બદલાઈ રહી છે. મને લાગે છે કે બીજેપી રાજસ્થાનમાં સરકાર બનાવશે.

કોંગ્રેસે ત્રણેય રાજ્યમાં ખેડુતોના દેવા માફીનો વાયદો કર્યો પરંતુ ભાજપે નહી આ મામલે રાજનાથ સિંહે જણાવ્યું કે મને લાગે છે કે કિસાન રમણસિંહની સરકારથી સંતુષ્ટ છે.

# સીબીઆઈ કેસ મામલે આલોક વર્માએ સીવીસી રિપોર્ટ પર જવાબ રજૂ કર્યો

**કેસની આગામી સુનાવણી આજે કરાશે : રજા ઉપર મોકલી દેવાયેલા સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માએ બપોરે સીલબંધ કવરમાં પોતાનો જવાબ રજૂ કર્યો**

નવી દિલ્હી, તા.૧૯

સરકાર દ્વારા રજા ઉપર મોકલી દેવામાં આવેલા સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માએ પોતાના પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને લઈને સીવીસી રિપોર્ટ પર પોતાનો જવાબ સુપ્રીમ કોર્ટને સોંપી દીધો હતો. વર્માએ સીલબંધ કવરમાં બપોરે આ જવાબ સુપ્રત કર્યો હતો. આ કેસ સંદર્ભમાં આગામી સુનાવણી મંગળવારે થશે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વવાળી પીઠ સમક્ષ વર્માના વકીલ ગોપાલ શંકરનારાયણે જવાબ રજૂ કરવા માટે સોમવારની સવારે થોડાક સમય માંગવાનો અનુરોધ કર્યો ત્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી સ્થગિત કરવાનો ઈન્કાર

● અનુસંધાન પાન-૫ પર

# જન્મજંયતિએ ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ

**લોંખડી મહિલાને દેશવાસીઓએ યાદ કર્યા : ઇન્દિરા ગાંધીની સિદ્ધિઓ અને સાહસી જીવનને સોનિયા ગાંધીએ યાદ કરી અંજલિ આપી : મોદીની પણ શ્રદ્ધાંજલિ**



નવીદિલ્હી, તા. ૧૯

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને લોખંડી મહિલા તરીકે જાણીતા ઈન્દિરા ગાંધીની જન્મજયંતિના પ્રસંગે દેશના લોકોએ તેમને યાદ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે સાથે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજન, કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ૧૦૧મી જન્મજ્યંતિએ સંસદ ગૃહમાં તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પહેલા તેમના સ્મારક ઉપર જઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ઈન્દિરા ગાંધીની જન્મજયંતિના દિવસે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ પ્રતિક્રિયા આપતા કહ્યુ હત કે ઈન્દિરા ગાંધીએ હમેશા ધર્મને લઈને ભારતને વિભાજિત કરતા લોકોનો વિરોધ કર્યો હતો. લોખંડી મહિલા તરીકે ઈન્દિરા ગાંધીની ગણતરી કરવામાં આવતી હતી. તેમના સમગ્ર શરીરને લોખંડી શક્તિઓ રહેલી હતી. તેમની લાઈફ સાહસી હતી.

ઈન્દિરા ગાંધીના જીવન અને સિદ્ધિઓ ઉપર આયોજિત ફોટો પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત કોંગ્રેસ દ્વારા જુદા જુદા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ઈન્દિરા ગાંધી ખુબ જ શક્તિશાળી નેતા હતા. ૧૯મી નવેમ્બર ૧૯૧૭ના દિવસે જન્મેલા ઈન્દિરા ગાંધી પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના પુત્રી હતા.

# કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ-વેનું પ્રધાનમંત્રીએ ઉદઘાટન કર્યું

**એક્સપ્રેસ-વેથી પ્રદુષણ ઘટશે : પહેલા પ્રતિદિન ૧૨ કિમીનો હાઇવે બનતો, હવે ૨૭નો : નરેન્દ્ર મોદી**

ગુરુગ્રામ,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯ નવેમ્બરે ગુરૂગ્રામમાં કુંડલી-માનેસર-પલવલ (કેએમપી) એક્સપ્રેસ-વેનું ઉદ્ધાટન કર્યું. કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ-વેનું નિર્માણ દિલ્હીમાં પ્રદુષણ ફેલાવતા વાહનોનો ભાર ઓછો કરવાના ઉદેશ્યથી કરવામાં આવ્યો છે. આ વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ પણ કહેવામાં આવે છે.



પીએમ મોદીએ કહ્યું કે એક્સપ્રેસ-વે માટે ખુબ-ખુબ અભિનંદન. આ પ્રોજેક્ટની સાથે જે પણ થયું તે ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. પીએમ મદીએ કહ્યું કે કામ કરનાર લોકો પણ તે જ છે, પરંતુ જ્યારે ઈચ્છાશક્તિ હોય, સંકલ્પશક્તિ હોય, તો કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. આ કારણ છે કે જ્યાં વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં એક દિવસમાં માત્ર ૧૨ કિલોમીટર હાઈવે બનતો હતો, આજે લગભગ ૨૭ કિલોમીટર હાઈવે પ્રતિદિવસ નિર્માણ થઈ રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે અટકાવનાર, લટકાવનાર અને ભટકાવનારની સંસ્કૃતિએ હરિયાણાનો વિકાસ રોક્યો હતો. જો તેને સમય પર પુરો કરવામાં આવ્યો હોત તો દિલ્હીમાં ટ્રાફિકનો આજે આ હાલ ન હોત.

# છત્તીસગઢમાં હાઈ વોલ્ટેજ બીજા ચરણના મતદાન માટે ઉત્સાહ

**૧૯ જિલ્લાની ૭૨ સીટ પર મંગળવારના દિવસે મતદાન યોજાશે : બીજા અને અંતિમ ચરણમાં કુલ ૧૧૦૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે મતદાર પૂર્ણ તૈયાર : પ્રથમ ચરણમાં રેકોર્ડ મતદાન બાદ જોરદાર તૈયારી**

રાયપુર,તા. ૧૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત પ્રચાર દરમિયાન લગાવી દીધી હતી. આવતીકાલે મંગળવારના દિવસે ૧૯ જિલ્લાને આવરી લેતી ૭૨ સીટો પર મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

પ્રથમ તબક્કામાં નકસલવાદીગ્રસ્ત આઠ જિલ્લામાં ૧૨મી નવેમ્બરના દિવસે રેકોર્ડ મતદાન થયા બાદ બીજા અને અંતિમ તબક્કામાં પણ જોરદાર મતદાનની શક્યતા દેખાઈ રહી છે. બીજા તબક્કામાં કુલ ૧૧૦૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. રાયપુર સીટ સાઉથની સીટ પર સૌથી વધારે ૪૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. ૧૫ વર્ષથી સત્તામાં રહેલા ભાજપને ઉખાડી ફેંકવા માટે કોંગ્રેસ પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી હતી. મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે.

બીજા તબક્કાની ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તંત્ર અને ચૂંટણી પંચ સંપૂર્ણપણે તૈયા છે. હજારોની સંખ્યામાં સુરક્ષા જવાનોને પહેલાથી જ ગોઠવી દેવામાં આવ્યા છે.

ગઈકાલે રવિવારના દિવસે છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. હવે ૧૯ જિલ્લાઓને આવરી લેતા ૭૨ મત વિસ્તારોમાં મંગળવારના દિવસે મતદાન થશે. રવિવારે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પાર્ટીઓએ સંપૂર્ણ તાકાત ઝીંકી દીધી હતી. પ્રથમ તબક્કામાં રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ બીજા અને અંતિમ તબક્કાના મતદાનને લઈને પણ ઉત્સુકતા વધી ગઈ છે.




